# બાકીનું શરીર

માધવીએ થાય એટલું જોર લગાવી શ્યામને ખુરસી પરથી ઊભો કર્યો. એનું શરીર લૂછ્યું હતું છતાં થોડું ભીનું હતું. માધવી પણ અરધી ભીંજાઈ ગઈ હતી. શ્યામ માધવીનો હાથ પકડી આગળ ડગલું માંડે તે પહેલાં બાથરૂમની ભીની લાદી પર એનો પગ લપસ્યો. શરીર ખુરસી પર પછડાયું. સ્વસ્થ થયો પછી માધવીએ ખૂબ સંભાળીને એને ફરી ઊભો કર્યો. શ્યામના બંને હાથ પકડી ઊંધા પગલે પાછળ ખસવા લાગી. શ્યામ એની સાથે ખેંચાતો હતો. ધીરેધીરે  બાથરૂમમાંથી બહાર આવ્યાં. શ્વાસ ભરાઈ આવ્યો હતો. એકબીજાને પકડી થોડી વાર ઊભાં રહ્યાં. શ્યામના મોઢા પર અથાક પીડા હતી. માધવીને સમજાયું નહીં, એ પીડા એના શરીરને પડતા કષ્ટની હતી કે માધવીના શ્રમ માટે હતી? પાછળ જોયું. પલંગ ચાર-પાંચ ડગલાંના અંતરે હતો છતાં જોજનો દૂર લાગ્યો. પલંગ પાસે પહોંચીને એ બાજુમાં ખસી, શ્યામને ધીરેથી બેસાડવા ગઈ પણ એના શરીરે બધું વજન છોડી દીધું હોય એમ એ ધબ્બ દેતો પથારીમાં ફસડાયો. શ્યામે માધવીની પકડમાંથી એનો હાથ ખેંચી કપાળ અને ગરદન પરથી પરસેવો લૂછ્યો. માધવી હાંફતી હતી. શ્યામે એની સામે જોયું. શું હતું એની નજરમાં? લાચારી? જાતે ચાલી ન શકવાની શરમ? માધવી પ્રત્યે સહાનુભૂતિ? એની આંખો સૂકી લાગી, સૂકી અને દૂર. ક્યાંક ચાલ્યા ગયા પછી અજાણ્યા થઈ ગયેલા માણસ જેવી.

•

કોઈ ઢંઢોળે છે, કાન પાસે ઘંટડી વગાડે છે, મોટા અવાજે બોલાવે છે. માધવી સફાળી જાગી ગઈ. કોઈ ન હતું. કોઈ અવાજ ન હતો. બધું નિઃસ્તબ્ધતામાં ડૂબી ગયું હતું. વચ્ચેથી કપાયેલી ઊંઘવાળી આંખમાં અજવાળું ખૂંચ્યું. દિવસ ઊગી ગયો? માની જ ન શકી. ઘડિયાળમાં જોયું. સાડા નવ... સાડા નવ વાગી

ગયા? ફડકા સાથે બેઠી થઈ. આટલું મોડું ક્યારેય નથી થયું. અત્યાર સુધીમાં એણે શ્યામને નવરાવી, એનાં કપડાં બદલાવી, નાસ્તો કરાવી લીધો હોય.

આજે શું થયું? એ સમયસર જાગી કેમ નહીં? રોજ સવારે તો છ વાગ્યાનું અલાર્મ સંભળાય તે પહેલાં એ ઊભી થઈ ગઈ હોય. શ્યામે શું કર્યું હશે? બેબાકળો થઈ ગયો હશે, ઘંટડી વગાડતો રહ્યો હશે, માધવીને બોલાવવા બૂમો પાડી હશે. કદાચ જાતે ઊભો થવા ગયો હોય અને પથારીમાં પટકાઈ પડ્યો હોય. લાચાર નજરે બારણા સામે જોતો પડ્યો રહ્યો હશે.

માધવીના માથામાંથી તીવ્ર સણકો ઊઠ્યો. બે હાથે માથું પકડી બેસી રહી. શું થઈ ગયું છે એને? પચીસ દિવસ થઈ ગયા છતાં એ વાસ્તવિકતા પકડી શકતી નથી? શ્યામ હવે નથી. એ ચાલ્યો ગયો છે – એનું બધું સમેટીને, કેટલુંય અધૂરું છોડીને, કેટલુંક તો શરૂ કરતા પહેલાં...

– આ વખતે ક્રિસમસમાં હર્ષલ અને માનસી પાસે યુ.એસ. જવું જ છે. અંકિત પણ પૂછતો હતો – દાદાજી, તમે ક્યારે આવશો?

– અંકિત મને પણ કહેતો હતો, દાદી, તું અહીં આવતી કેમ નથી?

– આ વખતે તો જવું જ છે... હું આજે જ હર્ષલને આપણી ટિકિટ બુક કરાવવાનું કહું છું.

– બહુ સારું... પણ આપણી પાસે વિઝા ક્યાં છે?

– ઓહ!

માધવી એના ખભા પર હાથ મૂકે છે.

– તો શું થયું? વિઝાની જરૂર ન હોય એવી કોઈ જગ્યાએ જઈશું.

એમની વચ્ચે એવી રમત ચાલ્યા કરતી. શ્યામની ફિઝિયોથેરપી ચાલતી હતી. જલદી હાલતોચાલતો થઈ જવાની આશા જીવંત હતી. પરંતુ એવું બન્યું નહીં અને મજાકમાં થયેલી વાતને ગંભીરતાથી લીધી હોય એમ શ્યામ વિઝાની જરૂર ન પડે એવા સ્થળમાં ચાલ્યો ગયો.

એનું જવું માધવીએ જોયું ન હતું. એ રાતે માધવી રસોડાનું કામ આટોપી, બધી લાઇટો બંધ કરી, શ્યામ માટે દૂધનો ગ્લાસ લઈ એના રૂમમાં ગઈ હતી. અંદર જતાં જ ચીસ પાડી ઊઠી. શ્યામનું માથું ઓશીકા પરથી નીચે ઢળી ગયું હતું, હોઠમાંથી ફીણ નીકળતું હતું, મોઢું ખેંચાઈ ગયું હતું, બેડશીટમાં સળ પડ્યા હતા.

'શ્યા...મ.! શ્યામ...! શું થાય છે તને? આંખ ખોલ, જવાબ દે મને... શું થાય છે, શ્યામ? કંઈક તો બોલ...'

એ બેભાન હતો. કદાચ...

માધવીએ હર્ષલના મિત્ર સંજયને ફોન કર્યો હતો. એ અરધા કલાકમાં ડૉક્ટરને લઈને આવ્યો. ડૉક્ટરે શ્યામને તપાસીને માધવી સામે માથું ધુણાવ્યું.

બસ એટલું જ બને? કોઈ માથું ધુણાવે અને એ સાચું માની લેવું પડે? માધવી સંજયને કરગરી હતી : 'સંજય, જલદી એમ્બ્યૂલન્સ બોલાવ, એને હૉસ્પિટલ લઈ જઈએ. એ મને છોડીને આમ જઈ ન શકે!'

એ રાત પછી માધવીએ રોકી રાખેલું રુદન હવે કોઈથી છુપાવવાનું નથી. માધવી સિવાય આ ઘરમાં કોઈ નથી. હર્ષલ, માનસી અને અંકિત ગઈ કાલે રાતની ફ્લાઇટમાં યુ.એસ. પાછાં જવા નીકળી ગયાં છે. માધવી એમને મૂકવા એરપોર્ટ પર ગઈ હતી. ઘેર આવી ત્યારે અઢી વાગી ગયા હતા. પછી ઊંઘ આવતાં બહુ વાર લાગી હતી.

પલંગ પરથી ઊભી થઈ. પગ લથડ્યો. ચોંકી ઊઠી – હું પણ? રૂમમાં નજર ફેરવી. એક સમયે આ રૂમ શ્યામ અને માધવીનો હતો. પાંચ વરસ પહેલાં શ્યામને સ્ટ્રોક આવ્યો ત્યારે એ ઘણા દિવસ હૉસ્પિટલમાં રહ્યો. જમણા શરીરે લકવો પડ્યો હતો. સારા નસીબે મોઢા અને જીભ પર વધારે અસર થઈ ન હતી.

ડૉક્ટરે કહ્યું હતું – આગળની સારવાર ઘરમાં કરી શકાશે. ફિઝિયોથેરપીથી સુધારો થશે. શ્યામને માસ્ટર બેડરૂમને બદલે નાના રૂમમાં સુવડાવવાનું સૂચન હર્ષલનું હતું. શ્યામને સ્ટ્રોક આવ્યો ત્યારે એ યુ.એસ.થી આવી ગયો હતો. એણે કહ્યું હતું :

'મમ્મી, પપ્પા માટે હૉસ્પિટલમાં હોય એવો ખાસ પલંગ લેવો પડશે. તમારા બેડરૂમમાં ડબલ બેડ પલંગ છે. એને બીજે મૂકવા જેટલી જગ્યા ઘરમાં નથી. આપણે પપ્પાને નાના રૂમમાં સુવડાવીએ તો?'

માધવી તૈયાર ન હતી.

'મમ્મી, આપણે તારો પણ વિચાર કરવાનો છે.'

'મારો વિચાર? પ્રશ્ન મારો નથી, શ્યામનો છે.'

'સાંભળ, ફિઝિયોથેરપિસ્ટ રોજ આવશે. પપ્પાના મિત્રો અને આપણાં સગા-

સંબંધીઓ એમને જોવા આવશે. પપ્પાના રૂમમાં આખો દિવસ કંઈને કંઈ ચાલતું રહેશે. આ પરિસ્થિતિ બહુ લાંબો સમય ચાલશે, મમ્મી. પપ્પા તમારા રૂમમાં હોય તો તને બહુ અગવડ પડશે. તારાં કપડાં, તારી વસ્તુઓ, તારો બાથરૂમ બધું એ રૂમમાં છે. બીજા લોકોની હાજરીમાં તને નહીં ફાવે.'

શ્યામને ઘેર લાવે તે પહેલાં હર્ષલે નાનો રૂમ તૈયાર કરી રાખ્યો. શ્યામને એ રૂમમાં સુવડાવ્યો ત્યારે એણે માધવીને પૂછ્યું : 'આ રૂમમાં?' હર્ષલે કારણો આપ્યાં. શ્યામે ચુપચાપ સાંભળી લીધું પરંતુ માધવીએ એના મોઢા પર નારાજગીની રેખા જોઈ લીધી હતી.

ત્યાર પછી પાંચ વરસોમાં શ્યામ અમે માધવીના આ બેડરૂમનો ખાસ ઉપયોગ રહ્યો ન હતો. બધું શ્યામના રૂમમાં જ થતું. માધવી નાહવા, કપડાં બદલવા કે કબાટમાંથી કશુંક લેવા માટે જ આ રૂમમાં આવતી. રાતે શ્યામના રૂમમાં નીચે પથારી કરી સૂઈ જતી, શ્યામ બોલાવે ત્યારે એને ત્રણ-ચાર વાર ઊઠવું પડતું.

એ કાલ રાતે એરપોર્ટથી આવી ત્યારે ઘરનો સૂનકાર ઘેરી વળ્યો હતો. અચાનક એને લાગ્યું હતું કે એના જ ઘરમાં એની પોતાની કોઈ જગ્યા રહી નથી. માસ્ટર બેડરૂમ અજાણ્યો થઈ ગયો હતો. શ્યામના રૂમમાં સૂવા માગતી ન હતી. ગેસ્ટ રૂમ જેવો ત્રીજો બેડરૂમ હર્ષલ અને માનસીનો હતો. લગેજમાં વજન વધવાથી એ લોકો એમની ઘણી વસ્તુઓ અહીં મૂકી ગયાં છે. તે બધું એ રૂમમાં જેમતેમ પડ્યું છે.

સંતાનો અહીં હતાં એટલા દિવસ માધવી ડ્રૉઇન્ગ રૂમના સોફા પર સૂઈ જતી. કાલ રાતે પણ સોફા પર ઓશીકું મૂક્યું. લાઇટ બંધ કરતાં પહેલાં ખાલી ઘરમાં નજર ફેરવી. એને લાગ્યું, ઘરના ત્રણેય બેડરૂમ એને તાકીને જુએ છે. ઘરની વચ્ચે સોફા પર એકલી સૂતેલી સ્ત્રી, જાણે એને બધા રૂમમાંથી કાઢી મૂકી હોય.

એણે તે જ ક્ષણે નિર્ણય લીધો હતો. એણે ફરી ગોઠવાવાનું છે અને એની શરૂઆત પોતાના બેડરૂમથી જ કરશે. પાંચ વરસ પછી પહેલી વાર એના રૂમમાં સૂવા ગઈ. લાઇટ કર્યા વિના, ઓશીકું પલંગ પર ફેંકી, ચાદર ઓઢ્યા વિના, શરીર લંબાવ્યું હતું. નવી જગ્યામાં પહેલી રાતે ઊંઘ આવતાં વાર લાગે એમ એ ઘણી વાર જાગતી પડી રહી હતી.

સવારના અજવાળામાં એણે આ રૂમને નવેસરથી જોયો. ડ્રેસિન્ગ ટેબલ, બે કબાટ – એક માધવીનો અને એક શ્યામનો. ડબલ બેડ પલંગ. દીવાલ પર ફ્રેમ કરેલું સુંદર ચિત્ર. એ અને શ્યામ આ ફ્લૅટમાં રહેવા આવ્યાં ત્યારે શ્યામે એમનો રૂમ ખૂબ સરસ સજાવ્યો હતો.

માધવીએ શ્યામનો કબાટ ઉઘાડ્યો. જૂની સુગંધ આવી. શ્યામને ગમતાં પરફ્યૂમની, એનાં કપડાંની, એની ચીજોની આછી, કદાચ કલ્પનામાં સચવાયેલી સુગંધ. શ્યામનો એક સૂટ અને બે શર્ટ હેન્ગરમાં લટકતા હતા. એ હમણાં જ ટુવાલ વીંટીને બાથરૂમમાંથી આવશે અને તૈયાર થતાં પહેલાં બૂમાબૂમ કરશે : માધવી, કયો શર્ટ પહેરું? મારી પેન્ટ? ટાઈ ક્યાં મૂકી છે? ને મારાં કફલિન્ક્સ? માધવી રસોડામાંથી દોડતી આવશે. આ પડ્યું બધું, શ્યામ! દેખાતું નથી તને? જમણું ડ્રોઅર ખોલ... જો, આ રહ્યું તારું ઘડિયાળ, તારું વૉલેટ, તારાં કફલિન્ક્સ...

એ ખડખડાટ હસશે.

– ભલે બધું જગ્યાએ જ હોય છતાં મને શોધી આપને, પ્લીઝ!

હવે શું શોધું, શ્યામ? તારી ચીજોને કે તને?

કબાટ બંધ કર્યો. લૉક કરી ચાવી મૂકવા માધવીએ પોતાનો કબાટ ખોલ્યો. એ કબાટ પણ ભરચક ભર્યો છે. સાડીઓની થપ્પી, કેટલાય ડ્રેસ, દુપટ્ટા અને એનાં પણ પરફ્યૂમ. દરેક વસ્ત્રો, દરેક ચીજોનો, એક ઇતિહાસ હતો અને એ પાંચ વરસથી સડવા લાગ્યો હતો. આ સાડી છેલ્લે ક્યારે પહેરી હશે અને આ ડ્રેસ? આ વરસોમાં તો એણે ઘરમાં પહેરવાનાં ઊપટી ગયેલાં કપડાંથી ચલાવ્યું છે. પલંગ તરફ વળી. આ બાજુ શ્યામની જગ્યા... રાતે પ્રેમ કરી લે પછી કહેતો – હવે મને નિરાંતે ઊંઘવા દેજે. આખો દિવસ ઑફિસ અને રાતે તું – નિરાંત કરવા દેતાં નથી! ડૉન્ટ ડિસ્ટર્બ મી નાઉ, ઓકે? ચલ, ગુડ નાઇટ... થોડી વારમાં ઘસઘસાટ ઊંઘી જતો. માધવી થોડી ખસીને પલંગની ધાર પર સૂતી. પડખું ફેરવે ને એનો હાથ શ્યામ પર પડે તો? ક્યારેક એ જાગી જતો તો માધવીની નજીક ખસી એના પર પગ મૂકતો. માધવી બબડતી – મારી ઊંઘ બગાડી એનું શું?

– બગડે તો બગડે! કેટલીય વાર કહ્યું છે તને, આપણી વચ્ચે આટલુંક પણ અંતર ન જોઈએ.

ડ્રેસિન્ગ ટેબલના અરીસામાંથી માધવીનું પ્રતિબિંબ એને આશ્ચર્યથી જોતું હતું. આ કોણ અજાણી સ્ત્રી અહીં બેઠી છે? એટલી બધી બદલાઈ ગઈ એ આ વરસોમાં, જાણે મૂળ માધવી રહી જ ન હોય. એ કઈ માધવીને જોવા માગે છે? શ્યામની પત્નીને કે એની નર્સને કે હવે પ્રેયસી, પત્ની કે નર્સ પણ ન રહેલી માધવીને?

બહાર આવી. ડ્રોઇન્ગ રૂમ જાણે રાત વચ્ચે લાંબો અને પહોળો થઈ ગયો હતો. શ્યામનો રૂમ બંધ હતો. હર્ષલ-માનસીનો રૂમ સાફ કરાવવાનો છે. કામવાળી રાધાને કહેશે – આજે મારો અને હર્ષલનો રૂમ સાફ કરી નાખ. રાધા નાના રૂમ તરફ આંગળી ચીંધીને પૂછશે – તો ભાઈનો રૂમ? એ પછી કરશું, પહેલાં આ બે રૂમ બરાબર સાફ કરી નાખ.

હર્ષલ, માનસી અને અંકિત વિધિઓ પૂરી થઈ પછી બાર દિવસ રોકાયાં. વધારે રોકાવું શક્ય ન હતું. બંનેને ઑફિસમાંથી વધારે રજા ન મળે અને અંકિતની સ્કૂલ બગડે. કાલ રાતે એરપોર્ટ જવા નીકળતાં પહેલાં બધાં ડ્રોઇન્ગ રૂમમાં બેઠાં હતાં. માધવીને બહુ વિચિત્ર લાગ્યું હતું – એમની સૂટકેસો ફ્લૅટના દરવાજા પાસે પડી હતી અને શ્યામનો રૂમ બંધ હતો. કેવું લાગશે એ લોકો જશે પછી? આ વખતે પાછા જવું અગાઉના પાછા જવા કરતાં અલગ હતું.

હર્ષલે પૂછ્યું : ‘મમ્મી, હવે તું –’

‘હવે કંઈ નહીં. નવરી થઈ ગઈ – બસ!’

ખામોશી છવાઈ ગઈ હતી.

માનસીએ કહ્યું : ‘મમ્મી, તમે ત્યાં આવી જાઓને.’

‘એમ જલદી ન નીકળાય, મારે અહીં ઘણું કરવાનું બાકી છે.’

માધવીએ શું કરવાનું બાકી છે એવો સવાલ એમણે પૂછ્યો હોત તો એની પાસે જવાબ ન હતો. કદાચ એ જવાબ શોધવા માટે પણ એણે અહીં રહેવાની જરૂર છે.

•

છાપાવાળો ફ્લૅટના દરવાજા નીચેથી આજનું છાપું સરકાવી ગયો હતો. માધવીને નવાઈ લાગી. એણે તો ઘણા મહિનાથી છાપું લેવાનું બંધ કર્યું છે. તો આજે એને આ ફ્લૅટમાં પણ નાખી જવાનું કોણે કહ્યું હશે? છાપાવાળાએ અજાણતાં

જ માધવીને કોઈ સંકેત કર્યો છે? શું બહારના લોકોને પણ ખબર પડી જાય કે આ ઘરમાં એક સમય પૂરો થયો અને નવો શરૂ થયો?

છાપું ડાઇનિન્ગ ટેબલ પર મૂકી એ ચા બનાવવા રસોડામાં ગઈ. ભૂખ પણ લાગી છે. રાતે બધાંએ જેમતેમ ખાધું હતું. એ લોકોને ફ્લાઇટમાં નાસ્તો મળ્યો હશે. માધવીએ બનાવવો પડશે. કંટાળો આવી ગયો. નહીં બનાવે નાસ્તો... શું ફરક પડશે એક દિવસ નાસ્તો ન કરે તો? એવી તો કેટલી સવારે નાસ્તો ઠંડો થઈ ગયો હોય અને એણે ખાધો ન હોય.

ચાનો કપ અને પ્લેટમાં બે બિસ્કિટ લઈ ડાઇનિન્ગ ટેબલ પાસે આવી. કશાકની રાહ જોતી હોય એમ ઊભી રહી. હમણાં ઘંટડી સંભળાશે અને એણે કપ મૂકીને જવું પડશે. એ ટચલી આંગળી ઊંચી કરશે. માધવી યુરિનપોટ લાવશે, ધરી રાખશે અને પછી ટૉઇલેટમાં ઢોળી આવશે. બીજું કંઈ? એક પછી એક કામ ચીંધશે. પાછળથી પલંગ ઊંચો કર, મારે બેસવું છે. બેસાડશે. જાઉં? ચાદર બતાવશે. સંકેલ. ઓશીકું ખસી ગયું છે, પીઠ પાછળ સરખું મૂક. હવે જાઉં? મારી ચા ઠંડી થાય છે. જવાબ નહીં મળે. એ કોઈ અપેક્ષામાં ઊભી રહેશે. કદાચ એ એને પૂછે, નારાજ થઈ જાય – તેં હજી ચા નથી પીધી? કેટલા વાગ્યા ખબર છે? કાલથી મારી પાસે બેસીને ચા-નાસ્તો કરજે. એવું કશું બનશે નહીં. એ આંખો બંધ કરીને બેઠો હશે. માધવી બહાર આવશે. ચા ઠરી ગઈ હશે. ઉલેચી નાખશે ગળામાં. ત્યાં જ ઘંટડી સંભળાશે.

ખુરસી પર બેઠી. કપ હોઠે માંડ્યો. ગટગટાવી જવાની હોય એમ પહેલો ઘૂંટડો ઝડપથી ભર્યો. દાઝી ગઈ. નારાજ થઈ ગઈ. આવી ઉતાવળ? નિરાંતે પી... બંને પગ ખુરસી પર લીધા. પલાંઠી વાળી. ઘૂંટણમાંથી સટાકો નીકળ્યો. પગ જાણે વળવાનું ભૂલી ગયા હોય. છાપું ખોલ્યું. આટલાં વરસો પછી પહેલી વાર બહારનું જગત એની સામે ઊઘડ્યું. બીજો ઘૂંટડો ભર્યો. પાનું ફેરવ્યું. આજે શહેરમાં યોજાનારા કાર્યક્રમોની વિગતો પર નજર ફેરવી. આર્ટ ગેલેરીમાં કોઈ ચિત્રકારનાં ચિત્રોના પ્રદર્શનનો છેલ્લો દિવસ છે. રાતે સાડા આઠે ટાઉન હોલમાં એક નાટકનો પ્રથમ શો છે. બે દિવસ પછી ‘રવીન્દ્ર ભારતી’માં સાત દિવસનો સંગીતમહોત્સવ શરૂ થવાનો છે. પહેલા દિવસે કૌશિકી ચક્રવર્તીનું ગાયન છે. એ નામ સાંભળ્યું હોય એવું લાગ્યું. યાદ આવ્યું. એને યુટ્યૂબ પર સાંભળી છે. શ્યામને ઑફિસથી આવતાં મોડું થયું હોય કે એ પાર્ટીમાં ગયો હોય કે બહાર

ગામ ગયો હોય ત્યારે એ બાલ્કનીમાં બેસીને સંગીત સાંભળતી. ક્યારેક એ અને શ્યામ એક-એક ઇઅર ફોન કાનમાં નાખી બાજુબાજુમાં બેસીને સાંભળતાં. એ પૂછતો – કયો રાગ છે? માધવી નામ જણાવતી. એ નવાઈથી જોતો. તને ક્યાંથી ખબર? માધવી હસી પડતી. ભૂલી ગયો? એક સમયે હું પણ –

ક્યાં મૂકી દીધી છે સિતાર? શોધવી પડશે. પછી? પછી શું? પાંસઠ વરસની ઉંમરે કંઈ પણ ફરી શરૂ કરવું બહુ અઘરું છે.

છાપું વાળી ટેબલ પર મૂક્યું. સામેની ખુરસી પર એ પણ છાપું વાળે છે. ઘડિયાળમાં જુએ છે.

– ઓહ! આજે પણ મોડું થઈ ગયું... માધવી, તું, યાર, થોડી વહેલી ઊઠીને સમયસર નાસ્તો બનાવતી હોય તો?

– રાતે સમયસર સૂવા દે તો વહેલી ઊઠુંને!

એ હસતી હસતી ઊભી થવા માગે છે પરંતુ પલાંઠી વાળેલા પગમાં આંટી ચડી ગઈ છે.

– બેઠી શું છે, ઊભી થા... ટાઈ કોણ બાંધશે?

એ મોઢું ઊંચું કરીને ઊભો છે. માધવી ટાઈની ગાંઠ બાંધી એના ગાલે હળવી ટપલી મારે છે.

– થઈ ગયું, જા હવે!

– જાઉં તો ખરો પણ...

ધક્કો મારે છે

– જાને હવે... મારે પણ ઑફિસ જવાને મોડું થાય છે.

•

રાધા આવી. માધવીને આરામથી બેઠેલી જોઈને નવાઈ પામી હોય એમ ઊભી રહી.

'હવે પીઓ છો ચા?'

'આજે મોડી ઊઠી.'

'હર્ષલભાઈ ને ભાભી ગ્યાં?'

'કાલે રાતે ગયાં.'

'બેન, તમે બઉ એકલાં થઈ જાશો.'

રાધાના વાક્યનો અર્થ એના સુધી બરાબર પહોંચ્યો નહીં. એકલી થઈ જઈશ? કયા કારણે? હર્ષલ-માનસી-અંકિત ગયાં એ કારણે? એ લોકો તો ઘણાં વરસોથી દૂર રહે છે.

તો?

'ભાઈ ભલે ઓ રૂમમાં જ સૂતા પણ તમને વસતી તો રે'તી. મન ભરેલું રે' કે કો'ક ઘરમાં છે. હવે તો ઘરમાં કોઈ નહીં.'

રાધા કહે છે એ વાતનો ભાવ એના સુધી પહોંચતો કેમ નથી? વચ્ચે શું આવે છે? શ્યામ ઘરમાં હતો એ કારણે માધવી એકલી ન હતી? એને લકવો પડ્યો તે પહેલાંના સમયમાં એ કંપનીના કામે બહાર જતો એટલા બે-ત્રણ દિવસ માટે પણ એ એકલી પડી જતી – પણ હવે...

બન્યું હશે એવું? માધવીને ખબર પડી ન હોય અને એ આ પાંચ વરસમાં ટીપુંટીપું એકલી પડતી ગઈ હોય? એક સમયે શ્યામ માધવીના જીવનમાં પૂરેપૂરો હાજર હતો. ચારે બાજુ, દર ક્ષણે, વાતાવરણમાં પ્રેમ હતો, સાન્નિધ્ય હતું – સૂતાં, બેસતાં, જાગતાં, જમતાં, ઑફિસ જતાં અને પાછાં આવતાં, વહેલી સવારે, મધરાતે... દિવસનો કોઈ હિસ્સો ખાલી રહેતો નહીં કે એકલું લાગે.

તો પછી બન્યું શું?

શરૂઆતમાં કશું ન હતું. એ અને શ્યામ પરિસ્થિતિ સામે સાથે મળીને લડતાં હતાં. આશા હતી કે બધું સારું થઈ જશે. ફિઝિયોથેરપી લાંબી ચાલી પણ ઘણો ફાયદો થયો. એ વૉકરથી એના રૂમમાં થોડાં ડગલાં ભરવા લાગ્યો હતો. માધવી એની સાથે રહેતી. એક દિવસ એ બહાર કામ કરતી હતી ત્યારે અંદર કશુંક પડવાનો અવાજ સંભળાયો. દોડતી ગઈ. શ્યામ પોતાની મેળે ચાલવા માટે ઊભો થવા ગયો હતો, વૉકર ખસી ગયું અને પડી ગયો. નવી ઉપાધિ આવી. ડાબા પગમાં ફ્રેક્ચર થયું. ત્યાર પછી એ તદ્દન પથારીવશ થઈ ગયો. હિંમત અને વિશ્વાસ ગુમાવી બેઠો.

અપંગ તો માધવી પણ થઈ હતી. ઘરમાંથી બહાર નીકળવું બંધ થઈ ગયું. ખરીદી અને બેન્કનાં કામ ઓનલાઇન કરવાં પડતાં અથવા બીજા લોકો પર આધાર રાખવો પડતો. રૂમમાં ઘંટડી વાગતી અને બૂમ સંભળાતી.

– માધવી... મા...ધ...વી...!

– ઉપમા આટલો ઠંડો?

– ઊભી તો રહે? કઈ વાતની ઉતાવળ આવી ગઈ છે?

અને પછી એક દિવસ...

– તારાથી થતું ન હોય તો ના પાડી દે...

વજ્રાઘાત થયો હતો. ચૂરેચૂરા થઈ ગઈ હતી માધવી. સંકોચાતી ગઈ હતી પોતાની અંદર. પતિ ઘરમાં જ હોય છતાં એકલીએકલી ભટક્યા કરતી. બહારના જગતથી કપાતી ગઈ. રાત પડતી ત્યારે જ ખ્યાલ આવતો કે દિવસ પૂરો થઈ ગયો. કઈ તારીખ, કયો વાર, કેટલા વાગ્યા – કશાયનું ભાન રહ્યું ન હતું. વિચારતી – ક્યારેક  બહાર જવું પડશે તો ઘેર પાછા આવવાનો રસ્તો નહીં મળે. જીવવું જ ઉભડક બની ગયું હતું. વરસાદ પડતો ત્યારે બારીઓ બંધ કરી નાખતી, એક પણ ટીપું અંદર આવશે તો સળગી જશે. શું કામ છે એવી કોઈ સુખદ ઘટનાનું આ ઘરમાં? આ ઘરમાં તો એક જ ઋતુ છે – અંદરથી સબડવાની, કોહવાતા જવાની, ભૂકો થઈ જવાની.

રૂમમાં સૂતેલો માણસ પણ કોહવાતો ગયો હતો. એ ઊંઘતો હોય ત્યારે માધવી એને ધારીને જોતી. ચત્તો સ્થિર સૂતો હોય. માધવી એના નાક પાસે હથેળી ધરતી, જાણે કશાકની ખાતરી કરતી હોય. વાળ વધી ગયા છે, દાઢી વધી ગઈ છે, કૃશ થયો છે. આ એ જ માણસ છે, જે એને મોડી રાત સુધી સૂવા ન આપતો અને પછી કહેતો કે વહેલી ઊઠતી જા ને! એક બાજુના હાથ અને પગ એના શરીર સાથે એવી રીતે જોડાયેલા લાગતા, જાણે એના શરીરનો ભાગ ન હોય. નિઃશ્વાસ સરી પડતો, મન ભરાઈ આવતું. ઉમળકા તો ક્યારના ભુલાઈ ગયા હતા. બાકી રહી ગઈ હતી કેવળ કોરી રિક્તતા. એવી કોઈ ઘડીઓમાં માધવીને થતું – એનું પોતાનું શરીર પણ બે હિસ્સામાં વહેંચાઈ ગયું છે. એક પડખું હાંફતુંહાંફતું જીવે છે, બીજું ક્યાંક ખોવાઈ ગયું છે.

•

રાધા કામ પતાવીને ગઈ પછી માધવી ઊભી થઈ. હાથની આંગળીના ટચાકા ફોડ્યા, બંને પગને ઝાટકો મારી જકડાયેલા સાંધા છૂટા કર્યા.

હવે? ક્યાંથી શરૂઆત કરે? શ્યામના રૂમ પાસે ગઈ. બારણું ખોલ્યું. અંદરની

હવામાંથી વાસ ઊઠી. એ જ વાસ – પેશાબની, પરસેવાની, પથારીમાં પડેલા માણસની. માધવીએ રૂમની બારી ઉઘાડી. બહારનું અજવાળું ખચકાતુંખચકાતું અંદર આવ્યું. ભુલાઈ ગયેલી તાજી હવા મોઢા પર અથડાઈ. આ રૂમમાં કશુંક અજુગતું બન્યું હોય એમ માધવીની આંખો બંધ થઈ ગઈ. તરત ખોલી નાખી. હવે એણે ખુલ્લી આંખે જોવાનું છે.

આ પલંગ હવે કામનો નથી. સંજયને કહેશે કે કોઈ સંસ્થામાં આપી દે. યુરિનપોટ અને બેડપાન ફેંકી દેશે. બેડશીટ, ચાદરો, ટુવાલ, નેપ્કિન, ઓશીકાની ખોળો... આપી દેશે કોઈને. પલંગ પાસે ઊભી હતી, જાણે ઘંટડી સાંભળીને દોડતી આવી હોય. હજારો વાર એ રીતે દોડતી આવી છે અને હજારો વાર પલંગ ઊંચો કર્યો છે અને નીચે ઢાળ્યો છે.

અને આ વૉકર?

માધવી વૉકરના બે હાથા પકડી એની વચ્ચે ઊભી રહી. કેવું લાગતું હશે વૉકરથી ચાલવું? માધવીએ વૉકર પકડી એક ડગલું ભર્યું, બીજા ડગલે પલંગ પર ફસડાઈ પડી. આંખ ઊંચી કરી છત સામે જોયું. એ આ જ છતને દિવસરાત તાકતો રહ્યો હતો. ધૂંધળું કેમ દેખાય છે? દૃશ્યો પ્રવાહી કેમ લાગે છે? કોઈ આવતું કેમ નથી? એણે પણ ઘરમાંથી બહાર નીકળી ખુલ્લા રસ્તા પર ચાલવું છે. એ બધી જગ્યાએ જવું છે, જ્યાં એ લોકો જતાં.

માધવીનો હાથ પથારીમાં ફરતોફરતો ઓશીકા પાસે ગયો. કશુંક અડક્યું. જોયું તો ઘંટડી. હાથમાં લીધી. એકધારું જોતી રહી. ધીરેધીરે ઘંટડીનો આકાર કોઈ પુરુષમાં બદલાતો ગયો. એનો ચહેરો સ્પષ્ટ થયો. ઓળખાણ તાજી થઈ.

માધવીએ એના ગાલ પર હળવી ટપલી મારી અને બોલી ઊઠી :

– મારું બાકીનું શરીર ક્યાં છે, શ્યામ?

# ડ્રાયડેન

**થોડા** દિવસો પહેલાં યુ.કે.માં આવ્યો છું. મારી ઑફિસ રેડિન્ગમાં છે. રૂપા પાછળથી આવશે. અમારાં લગ્ન બે વરસ પહેલાં થયાં પછી એ એનાં મમ્મી-પપ્પા સાથે નિરાંતે રહી શકી ન હતી. હવે વિદેશ આવવાનું હતું એથી થોડો સમય એમની સાથે રહેવા માગે છે. એ અહીં આવે તે પહેલાં મારે ઘર શોધી લેવાનું છે, જેથી એ આવે તે સાથે જ અમે અજાણ્યા દેશમાં ગોઠવાઈ જઈએ.

અત્યારે કંપનીના ગેસ્ટ હાઉસમાં રહું છું. મારી ઑફિસનો એક કલિગ નાયર કેરાલાનો છે. એ એની પત્ની અને બે વર્ષની દીકરી સાથે રેડિન્ગથી વીસેક કિલો મીટર દૂર બ્રેકનેલમાં રહે છે. એણે મને પણ બ્રેકનેલમાં જ ઘર શોધવા સૂચવ્યું. હું એની સાથે બ્રેકનેલ જોઈ આવ્યો. હરિયાળું શહેર છે. ચારે બાજુ દેવદાર અને પાઇનનાં વૃક્ષો, ઘાસનાં મેદાનો, ટેકરીઓ. નાયરે ઘર ભાડે આપતી સ્થાનિક એજન્સીમાં મારું રજિસ્ટ્રેશન કરાવી દીધું છે. ગયા શનિ-રવિવારે એજન્સીની પ્રતિનિધિ મારિયાની સાથે પાંચ-છ ઘર જોયાં. ન ગમ્યાં. આજે શનિવાર છે. બીજાં ઘર જોવા જવાનું છે. નાયર રોકાયેલો છે, મારે એકલાએ જ મારિયા સાથે જવાનું છે.

•

પાનખરના છેલ્લા દિવસો ચાલે છે. હવે થોડા મહિના પ્રમાણમાં ઓછી ઠંડી રહેશે. આજે તડકાવાળો દિવસ છે. જો કે યુ.કે.માં કોઈ પણ ઘડીએ આકાશ ઘેરાઈ જાય અને ઝાપટું વરસી જાય. મારિયાએ બંધ ગેરેજની બહાર કાર પાર્ક કરી. અમે સડક અને એકસરખાં મકાનોની વચ્ચેથી સાંકડો ઢાળ ઊતરી એક ઘર પાસે આવ્યાં. દરવાજાની બહાર નંબર-પ્લેટ પર લખ્યું હતું : ૩૦, ડ્રાયડેન. કોઈ જાણીતા અંગ્રેજની અટક પરથી આ વિસ્તાર ઓળખાતો હશે.

ઘરમાં દાખલ થયાં. સામે ડાઇનિન્ગ એરિયા. બાજુમાં કિચન. મારિયા માઇક્રોવેવ, ગેસનો સ્ટવ, રેફ્રિજરેટર, વોશિન્ગ મશીન વગેરે બતાવતી ગઈ. કિચનના પ્લેટફોર્મની ઉપર નાના કબાટોમાં ક્રોકરી અને નીચેનાં ડ્રોઅરમાં બીજાં વાસણો મૂક્યાં હતાં. આ બધી વસ્તુઓ અને ફર્નિચર સાથે ઘર ભાડે આપવાનું છે. કિચનનું એક બારણું બેકયાર્ડમાં પડે છે ડ્રોઇન્ગ રૂમમાં ચોરસ દીવાન જેવા બે સોફા. એક ઊભા રેકમાં મ્યુઝિક સિસ્ટમ અને ગ્રામોફોન રેકર્ડ્ઝ. એની બંને બાજુ બે મોટાં સ્પીકર. ટીવી. એન્ટીક ટેબલ અને એની ઉપર કોતરણીવાળી ફ્રેમમાં મઢેલો અરીસો. એક દીવાલ પર ચિત્ર મૂક્યું છે. ધ્યાનથી જોયું. સપાટી પરથી ઊંડે ઊતરતાં વમળોનું ચિત્ર હતું. ડ્રોઇન્ગ રૂમમાંથી પણ બેકયાર્ડમાં જવા માટે ચાર બારણાનું ફ્રેન્ચ ડોર છે.

ઉપર ત્રણ બેડ રૂમ. મારિયાએ કહ્યું તેમ ટુ એન્ડ હાફ બેડ રૂમ્સ. બે મોટા રૂમમાં ડબલ બેડ પલંગ અને વચ્ચેના નાના રૂમમાં એક જણ સૂઈ શકે એવડો પલંગ. ત્રણેય રૂમમાં લાકડાંના કબાટ.

મારિયાએ માહિતી આપી : 'આ બધું ફર્નિચર લેન્ડલોર્ડે જાતે બનાવ્યું છે.'

નીચે ઊતર્યાં. ડ્રોઇન્ગ રૂમમાં બેઠાં.

'આ ચિત્ર પણ લેન્ડલોર્ડે બનાવ્યું છે?' મેં વમળના ચિત્ર સામે આંગળી ચીંધી.

'પોસિબલ છે. હું એમને મળી નથી. સાંભળ્યું છે કે એ સારા ચિત્રકાર પણ છે.'

'શું નામ છે એમનું?'

'મિ. ક્રિસ્ટોફર. જર્મન છે. ઘણાં વરસ અહીં રહ્યા. અહીંની બહુ મોટી કન્સ્ટ્રક્શન કંપનીમાં ચીફ એન્જિનિયર હતા. હવે જર્મનીના કોઈ શહેરમાં રહે છે. અહીંથી ગયા પછી પાંચ વરસ ઘર બંધ રાખ્યું. હવે ભાડે આપવા માગે છે.'

બંધ ઘરમાંથી ક્રિસ્ટોફરના સમયની ગંધ ઊઠી. હું ઘર ભાડે લઉં તો એના પછી અહીં રહેવા આવનાર અમે પહેલા હોઈશું. ઘર જૂનું હતું. થોડા સમારકામની જરૂર છે. બધા રૂમની કારપેટમાં ડાઘ હતા. દીવાલોનું પેઇન્ટ ઘસાઈ ગયું છે. મારિયાએ કહ્યું કે એજન્સી બધાં કામ કરાવી આપશે. ખર્ચનો

અંદાજ કાઢી ક્રિસ્ટોફરને મેઇલ કરશે. એની મંજૂરી મળે પછી તો પાંચ-છ દિવસમાં બધાં કામ થઈ જશે.

બેકયાર્ડમાં ગયાં. અરધા આંગણામાં વરસાદથી કાળી પડેલી લાદી, અરધામાં સુકાયેલી લોન. ઊંચાં સરુ પરથી ખરેલી સળીઓ ચારે બાજુ પડી છે. કોર્ટયાર્ડની ત્રણ બાજુ ઊભાં પાટિયાંની ફેન્સ. એનો પણ રંગ ઊપટી ગયો છે. ખૂણામાં લાકડાંની ઓરડી હતી. મારિયાએ એનું તાળું ખોલ્યું. કારીગરોને કામ લાગે એવાં કેટલાંય સાધનો વ્યવસ્થિત ગોઠવ્યાં હતાં. ત્યાં જ ઊભા રહીને કામ કરવા માટે ખપાટિયાંની લાંબી ટેબલ પણ હતી.

મને ઘર ગમ્યું. આ પહેલાં જોયેલા ફ્લૅટ નવા હતા પરંતુ એક બેડ રૂમ-હૉલ અને ખાંચા જેવું કિચન. કબાટ કે એવી કોઈ સગવડ ન હતી. મારે જ બધું વસાવવું પડે. અહીં બધી વ્યવસ્થા છે. અમારે સૂટકેસ લઈને જ આવી જવાનું.

મારિયાએ ભાડાની રકમ જણાવી. નાયરે કહ્યું હતું કે તરત સંમત થવું નહીં.

'આટલું ભાડું મારા બજેટની બહાર જાય છે,' મેં કહ્યું. થોડી રકઝક પછી નક્કી થયું કે હું ફાઇનલ કરું તો એ લોકો થોડું ભાડું ઘટાડશે.

મારિયાની પરવાનગી લઈ રૂપાને મોકલવા માટે ઘરના થોડા ફોટા પાડ્યા. અમે બહાર નીકળ્યાં ત્યારે મારિયાએ પૂછ્યું : 'બીજાં ઘર જોવાં છે?'

'મને લાગે છે કે ભાડું યોગ્ય હશે તો મારી શોધ પૂરી થઈ છે. હું આજે જ મારી પત્ની સાથે વાત કરી લઈશ. ઇફ શી એપ્રૂવ્સ, આઇ વિલ ગો ફોર ધિસ –' નંબર પ્લેટ પર નજર કરી... 'ફોર ધિસ થર્ટી, ડ્રાયડેન.'

•

અઠવાડિયા પહેલાં એ જ ઘરમાં રહેવા આવી ગયો છું. મેં સંમતિ આપી ત્યારે મારિયાને બધાં કામ જલદી કરાવી આપવા તાકીદ કરી હતી. ત્રણેક દિવસ પછી એનો ફોન આવ્યો કે ક્રિસ્ટોફર અહીં આવીને બધાં કામ જાતે કરવા માગે છે પરંતુ એ પંદર દિવસ પછી નીકળી શકશે.

મારી સ્થિતિ કફોડી થઈ ગઈ. મેં બીજાં ઘર જોવાનું બંધ કર્યું હતું. કંપનીના ગેસ્ટ હાઉસમાં રહેવાની મુદ્દત પૂરી થતી હતી. મારિયાએ વચલો માર્ગ સૂચવ્યો, એજન્સી બે-ત્રણ દિવસમાં ઘરની સફાઈ કરાવી આપે પછી હું રહેવા આવી જાઉં. બાકીનાં કામ ક્રિસ્ટોફર આવીને કરશે. મને વાંધો ન હતો. રૂપાને આવવાને

હજી વાર છે. ત્યાં સુધી હું ગેસ્ટ હાઉસમાં રહું કે ગેસ્ટ હાઉસ જેવા ઘરમાં – કોઈ ફરક પડતો ન હતો. આખો દિવસ ઑફિસમાં, મોડી સાંજે સૂવા જ આવવાનું હતું.

ઘર સાફ થઈ ગયું પછી અહીં રહેવા આવી ગયો. રૂપા ચિંતા કરતી હતી. મેં એને સમજાવી કે શરૂઆતમાં થોડી અગવડ પડશે પછી ગોઠવાઈ જવાશે. ખાસ તકલીફ નથી પડી. થોડેક જ દૂર શોપિન્ગ સેન્ટર છે. ચા-નાસ્તા માટે દૂધ-ચા, સિરિયલ્સ, બ્રેડ-ઈંડાં મળી જાય છે. ફ્રોઝન ફૂડનાં પેકેટ્સ પણ મળે છે. બપોરે ઑફિસની કેન્ટિનમાં જમું છું. રાતે કિચનમાં કશુંક બનાવી લઉં અને ઉપર માસ્ટર બેડ રૂમમાં સૂઈ જાઉં.

ઘરમાં હોઉં ત્યારે વિચિત્ર લાગણી થાય. પહેલી વાર ઘરમાં આવ્યો ત્યારે લાગ્યું, આખું ઘર શ્વાસ રોકીને ઊભું છે. પાંચ-પાંચ વરસ બંધ રહ્યું પછી કોઈ અહીં રહેવા આવે એવી શક્યતા જ જાણે ભૂલી ગયું હોય. ડ્રોઇન્ગ રૂમના અરીસામાં મારું પ્રતિબિંબ જોઈને હું છળી ઊઠ્યો હતો – બીજું પણ કોઈ અહીં રહે છે કે શું?

મને ક્રિસ્ટોફરનો વિચાર આવતો. હું એના વિશે કશું જાણતો નથી, જાણવાની જરૂર પણ નથી છતાં એની હાજરી અનુભવવા લાગ્યો છું. ઘરની કોઈ પણ વસ્તુને અડકું ને વિચાર આવે કે મારી પહેલાં બીજુ કોઈ એ ચીજોને અડકી ચૂક્યું છે. હું સૂઉં છું એ પલંગ પર ક્રિસ્ટોફર સૂતો હશે, એ જ બાથરૂમનો ઉપયોગ કરતો હશે, એ જ ડાઇનિન્ગ ટેબલ પર જમ્યો હશે. હું સાફ કરું છું એ વાસણો એણે પણ સાફ કર્યાં હશે.

મેં કેમ માન્યું કે ક્રિસ્ટોફર અહીં એકલો રહ્યો હશે? કદાચ રૂપાની ગેરહાજરીમાં મેં એને પણ એકલો ધારી લીધો. એકલતાથી કંટાળીને બેકયાર્ડની ઓરડીમાં જતો હશે. કરવતથી પાટિયાં ચીરી, ખીલીઓ ઠોકી, ઘરનું ફર્નિચર બનાવતો રહ્યો હશે, ફેન્સ અને ઘરની દીવાલો પેઇન્ટ કરી હશે, ચિત્રો દોર્યાં હશે, ગ્રામોફોન રેકર્ડ સાંભળતો હશે અને પછી ફ્રોઝન ફૂડનાં પેકેટમાંથી ખાવાનું બનાવી લેતો હશે. હસવું આવે, જાણે હું એક અજાણ્યા માણસનો મેં કલ્પી લીધેલો અજંપો વેઠવા લાગ્યો હોઉં.

રૂપા મારી સાથે નથી એ જ કારણ છે. એ આવશે પછી ઘર ભરાઈ જશે. હું આંખો બંધ કરી એને ઘરમાં હરતીફરતી જોવાની કોશિશ કરું છું. એ કિચનમાં

છે. મારી બાજુમાં સૂતી છે. સાંજે ડોરબેલ વગાડું તે સાથે જ દરવાજો ખોલી મને ભેટી પડે છે. વીક એન્ડમાં સાથે મળી અમે વેક્યૂમ ક્લિનરથી ઘર સાફ કરીએ છીએ, લોન કાપીએ છીએ, ખુલ્લા દિવસે બેકયાર્ડમાં બેસી સવારની ચા પીએ છીએ. ક્યારેક લંચ પણ ત્યાં જ લઈએ છીએ.

કાલ રાતે ઊંઘ ઊડી ગઈ. રૂપા બહુ યાદ આવતી હતી. મેં બાજુમાંથી ઓશીકું ઉપાડી મોઢા પર દાબ્યું. એમાંથી અજાણી ગંધ આવી. એ ગંધ રૂપાની ન હતી. તો કોની હતી – ક્રિસ્ટોફરની કે... એની પત્નીની?

•

મારિયાનો ફોન આવ્યો. એણે કહ્યું કે ક્રિસ્ટોફર જર્મનીથી ડ્રાઇવ કરીને આવશે, પછી ખચકાતી બોલી : 'એણે વિચિત્ર વિનંતી કરી છે – એ ઘરમાં રહેવા માગે છે.'

'એટલે?' મેં પૂછ્યું.

'એનું કામ ચાલે એટલા દિવસ તમારી સાથે... એણે અમને ફિક્સમાં મૂકી દીધાં છે.'

મને સમજાયું નહીં કે મારિયા શું કહેવા માગે છે? ક્રિસ્ટોફર એના ઘરનાં કામ જાતે કરવા આવે એ તો ઠીક છે પણ હોટલમાં કે બીજે રહેવા માગતો નથી?

'એને ખબર છેને કે હું રહેવા આવી ગયો છું?'

'અફકોર્સ... અમે એને રેન્ટલ એગ્રીમેન્ટની નકલ પણ મેઇલ કરી છે. તમે ના પાડી શકો. એણે પણ રિક્વેસ્ટ જ કરી છે. અમે તમારી પ્રાઇવસીનું રિસ્પેક્ટ કરીએ છીએ.'

કેવો માણસ છે આ – ક્રિસ્ટોફર? કદાચ કંજૂસ. બહારના કારીગરોને રોકી ખર્ચ કરવા માગતો નથી. છેક જર્મનીથી ડ્રાઇવ કરીને આવશે. કેટલા પૈસા બચશે એના? બીજી જ ક્ષણે મને એનામાં રસ જાગ્યો. જોઉં તો ખરો, કેવો વિચિત્ર માણસ છે.

'ડૉન્ટ વરી... અમે કરી લેશું. સૉરી ટુ ડિસ્ટર્બ યુ...' મારિયા ફોન પૂરો કરવા જતી હતી.

'વેઇટ... લેટ હિમ સ્ટે વિથ મી.'

એ માની જ ન શકી.

'આર યુ સ્યૉર?'

'એબ્સોલૂટલી. મારી વાઇફને આવવાને હજી વાર છે. ફક્ત મને જણાવજો કે એ ક્યારે આવે છે, જેથી હું ઘરમાં હોઉં.'

મારિયાનું આશ્ચર્ય શમ્યું ન હતું.

•

એ શુક્રવારે મોડી સાંજે આવ્યો. એની કારમાં. જર્મનીના કોઈ શહેરમાંથી બ્રિટનના બ્રેકનેલમાં. કાર પાર્ક કરીને ઘર પાસે આવ્યો હશે. થોડી વાર દરવાજાની બહાર ઊભો રહ્યો હશે. ડોર બેલ વગાડતા પહેલાં '૩૦, ડ્રાયડેન' વાંચીને ખાતરી કરી હશે કે આ જ ઘર છે – એનું ઘર, જેમાં હવે બીજું કોઈ રહે છે.

મેં દરવાજો ખોલ્યો. એ વારંવાર માફી માગવા લાગ્યો. એના મોઢા પર, આંખોમાં, આખા શરીરમાંથી દિલગીરી વ્યક્ત થતી હતી. અંદર આવતાં ખચકાતો હતો.

'પ્લીઝ કમ ઇન,' મેં કહ્યું.

મારી પાછળ ડ્રોઇન્ગ રૂમમાં આવ્યો. એણે જ બનાવેલા સોફા પર બહારની વ્યક્તિની જેમ ઉભડક બેઠો. મોઢા પર હાથ ફેરવ્યો. સંકોચશીલ સ્મિત કર્યું. હું પાણી લાવ્યો. ગટગટાવી ગયો. ઊભો થઈ કિચનની સિન્કમાં ગ્લાસ ધોઈ આવ્યો.

'થેન્ક્સ... થેન્ક્સ અ લોટ.'

મારે સ્મિત જ કરવાનું હતું. એણે બેકયાર્ડમાં જવાના દરવાજાનો પરદો ખેસવી બહાર જોયું. પછી રૂમની વચ્ચે ઊભો રહ્યો, જાણે એ જ ઘડીએ ચાલ્યો જવાનો હોય.

મધ્યમ કદની ઊંચાઈ. કસાયેલું શરીર. ટૂંકા વાળ. વ્યવસ્થિત કાપેલી ભૂરી દાઢી. આંખો માંજરી. જીન્સ અને ટી શર્ટ. ઉંમર પચાસની આસપાસ હશે. એણે કહ્યું કે મને વાંધો ન હોય તો એ ઉપરના નાના બેડ રૂમમાં સૂઈ જશે. હું મારી પ્રવૃત્તિ ચાલુ રાખી શકીશ. થોડા દિવસમાં કામ પૂરાં કરી પાછો જશે.

મ્યુઝિક સિસ્ટમના રેક પાસે ગયો. એમાંથી એક રેકર્ડ પસંદ કરી.

'મે આઇ?' એણે પૂછ્યું.

આટલું લાંબું ડ્રાઇવ કરીને હજી આવ્યો જ છે અને સંગીત સાંભળવા માગે છે?

'સ્યૉર,' મેં કહ્યું.

રેકર્ડ ચાલુ કરી સોફા પર બેઠો. ઘરમાં ખામોશી તરી આવી. હું, એ અને ધીરેધીરે ખૂલતી જતી કોઈ સિમ્ફની. હું પણ સામેના સોફા પર બેઠો. એ ક્યાંક ખોવાઈ ગયો હતો. રેકર્ડની એક બાજુ પૂરી થઈ પછી સંભાળીને કવરમાં મૂકી. ઊભો રહ્યો.

અચાનક બોલ્યો : 'મને ખબર ન હતી કે... હું કેટલું બધું મિસ કરું છું આ...' ચારે બાજુ, ઉપર-નીચે, હાથ હલાવીને ઉમેર્યું : 'આ ઘરને અને –'

પછી કશું નહીં. કદાચ એ પોતાને જ સંબોધીને બોલ્યો હતો. સૂટકેસ ઉપાડી.

'કાલ સવારથી કામ શરૂ કરી દઈશ. અત્યારે બહુ થાક્યો છું. શૉવર લઈને ઊંઘી જઈશ. તમે ઘરની બીજી ચાવી મને આપી શકશો?'

હું એની સાથે જવા માગતો હતો પરંતુ ઊભો રહ્યો. આ ઘરમાં મારે એને કશું બતાવવાની જરૂર ન હોય. અજાણ્યો તો હું છું, એ એના ઘરના ખૂણેખૂણાને જાણતો હશે.

'ગુડ નાઇટ,' મેં કહ્યું. એણે માથું હલાવ્યું અને દાદરો ચડી ગયો. ઉપર લાકડાંની ફરસ પર એનાં પગલાં સંભળાયાં. બાથરૂમનો દરવાજો ઊઘડ્યો. શૉવર ચાલુ કરશે અને પાણીની ધાર નીચે ઊભો રહેશે.

મને ખબર ન હતી કે... હું કેટલું બધું મિસ કરું છું આ... આ ઘરને અને –

એનો સિગારેટની ગંધવાળો ઘેરો અવાજ ઘરમાં ફરી વળ્યો છે.

•

સાંજે ઘેર આવું ત્યારે પણ એનું કામ ચાલતું હોય. જમીન પર બેસીને કશુંક કરતો હોય કે ફોલ્ડિન્ગ સીડી પર ઊભો હોય. ડાઘાવાળી જીન્સ અને જૂનો ટી શર્ટ. કામ કરતી વખતે પહેરવાનાં કપડાં એની સાથે લાવ્યો હશે કે અહીં જ પડ્યાં હતાં? પ્લમ્બિન્ગનું કામ થઈ ગયું છે. ત્રણ નળ બદલવા પડ્યા, બીજાનું

સર્વિસિન્ગ કર્યું. એ જાણે આખા દિવસના કામનો હિસાબ આપતો. ઈલેક્ટ્રિકનું કામ વધારે નીકળ્યું. ઘણી જગ્યાએ લાઇટ ફિટિન્ગ્સ બદલવાં પડ્યાં. સફેદ પટ્ટી અને વાયરોના ટુકડા, જૂનાં સોકેટ્સ, સ્વીચ અને કટાયેલાં સ્ક્રૂ આજુબાજુ પડ્યાં હોય.

એક સાંજે એણે કહ્યું : 'સમય કશાયને છોડતો નથી, કોઈને ખબર પણ ન પડે એમ બંધ ઘરમાં બધું સડવા લાગે છે.'

હોઠ વચ્ચે લટકતી સિગારેટ, ઠસોઠસ એશ ટ્રે. આખા ઘરમાં સિગારેટના ધુમાડાની વાસ ભરાઈ ગઈ છે. કશુંક સળગતું હોય છતાં દેખાતું ન હોય કે શું સળગે છે. એ ચેઇન-સ્મોકર હતો. પહેલી વાર મારી હાજરીમાં સિગારેટ સળગાતા પહેલાં એણે પૂછ્યું હતું : ડુ યુ માઇન્ડ? નો, આઇ ડૉન્ટ, મેં જવાબ આપ્યો હતો. આ એનું ઘર છે – થોડા દિવસ માટે અહીં આવ્યો છે ત્યારે અને અહીં નહીં હોય ત્યારે પણ. એને લગન અને ધ્યાનથી કામ કરતો જોઈને મને લાગતું, જાણે એ ખૂબ નજીકની વ્યક્તિની પ્રેમથી સારવાર કરી રહ્યો હોય.

નીચેનો હોઠ દબાવી કામમાં મગ્ન હોય. હું આવું ત્યારે 'હલ્લો' કહેતો અથવા માથું હલાવતો. હું દાદરાના પહેલા પગથિયે બેસી બૂટ-મોજાં ઉતારતો. ઘરમાં આંટો મારી આવતો. ઘરની જૂની ચામડીની અંદર છુપાયેલું કશુંક નવું બહાર આવતું જતું હતું. થોડી વાર પછી કામ આટોપી એ બધું સાફ કરી નાખતો. હું મદદ કરવા જાઉં તો ના પાડે. પછી બાથરૂમમાં જતો. સાફ થઈ, કપડાં બદલી, ક્યાંક ચાલ્યો જતો. કોઈ રેસ્ટોરન્ટમાં, કદાચ પબમાં. અહીં ઘણાં વરસ રહ્યો છે, મિત્રો પણ હશે એના. હું મારું ખાવાનું બનાવતો, થોડી વાર ટીવી જોઈ ઉપર બેડ રૂમમાં જતો. રૂપાને ફોન કરતો. વાંચતો.

મોડી રાતની નીરવતામાં ઘરના મુખ્ય દરવાજાનું લેચ-લોક ઊઘડવાનો અવાજ આવે ત્યારે હું મારા રૂમનું બારણું વાસી લાઇટ બંધ કરતો અને સૂઈ જવાનો પ્રયત્ન કરતો. સાંજ પછી ઠંડી વધી જાય છે. સેન્ટ્રલ હીટિન્ગ સિસ્ટમના ગરમાવામાં ક્રિસ્ટોફરનો કમ્બલ ઓઢી પડ્યો રહું. એ સીધો એના રૂમમાં ન આવે. વોલ્યૂમ ધીમું રાખી સંગીત સાંભળતો નીચે જ બેસી રહે. ઘરમાં કોઈ જાગે છે એ વિચારથી મને ઊંઘ ન આવે. ઘણી વાર પછી દાદરા પર એનાં પગલાં સંભળાય. મારા બેડ રૂમના બંધ બારણા નીચેથી સિગારેટના ધુમાડાની ગંધ આવી જાય.